**ફોજદારી કેસ નંબર :– ૭૩૨ / ૨૦૨૩**

# મે. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ, મુ.અમદાવાદ.

## –: આંક – ૧ લગત હુકમ :–

**૧.** આજરોજ સદરહું ફોજદારી કેસ જીએસએલએસએ/પત્રના અનુસંધાનમાં ખાસ સીટીંગ દરમ્યાન યોગ્ય કાર્યવાહી માટે હાથ પર લેવામાં આવેલ છે.

**૨.** આજરોજ કેસ રેકર્ડને ઘ્યાને લેતાં સદર કેસ સમન્સ ટ્રાયેબલ છે. આરોપી વિરૂઘ્ધ સમન્સ / વોરન્ટ ઈશ્યુ કરવા છતાં તે બજે અથવા વગર બજે પરત કરેલ નથી.

**કલમ :– ૨૫૮. કેટલાક કેસમાં કાર્યવાહી બંધ કરવાની સત્તા :–**

ફરીયાદ પરથી દાખલ થયેલા હોય તે સિવાયનો કોઈ સમન્સ કેસમાં પ્રથમ વર્ગના મેજીસ્ટ્રેટ અથવા ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટની પૂર્વમંજુરીથી અન્ય કોઈ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, ચુકાદો ઘોષિત કર્યા સિવાય તેના કારણો નોંધીને કોઈપણ તબકકે કાર્યવાહી બંધ રાખી શકશે તથા મુખ્ય સાહેદોનો પુરાવો નોંઘ્યા બાદ આવી કાર્યવાહી બંધ રાખવામાં આવી હોય, તો નિર્દોષ ઠરાવી મુકત કરતો ચુકાદો ઘોષિત કરી શકશે તથા અન્ય કોઈ કિસ્સામાં આરોપીને છોડી મૂકશે તથા આવા છૂટકારાથી બિનતહોમતે મુકત કરવામાં આવે, તેવી અસર થશે.

**૩.** આમ, આ કલમ વંચાણે લેતાં સ્પષ્ટ છે કે, ફરીયાદ પરથી દાખલ થયેલાં હોય, તે સિવાયના કોઈ સમન્સ કેસમાં આ અદાલતને ચુકાદો ઘોષિત કર્યા સિવાય તેના કારણો નોંધીને કોઈપણ તબકકે કાર્યવાહી બંધ રાખવાની સત્તા આપવામાં આવેલ છે. વધુમાં જો મુખ્ય સાહેદોનો પુરાવો નોંઘ્યા બાદ કાર્યવાહી બંધ રાખવામાં આવે, તો આરોપીને નિર્દોષ ઠરાવી મુકત કરવો જોઈશે અને જો અન્ય કોઈ કિસ્સામાં આરોપીને છોડી મૂકશે અને આવા છૂટકારાથી બિન–તહોમત મુકત કરવામાં આવે, એવી અસર થશે. આ કલમ પરથી એ પણ સ્પષ્ટ થાય છે કે, જયારે મુખ્ય સાહેદનો પુરાવો લેવાયો ન હોય, તો આરોપીને મુકત કરવામાં આવે, ત્યારે બિન–તહોમત મુકત કરવામાં આવ્યા હોય, તેવી અસર થાય છે અને તે કારણે આરોપી સામે ભવિષ્યમાં નવેસરથી કાર્યવાહી આગળ ચલાવી શકાય અને ત્યારે આરોપી સામે ફોજદારી કાર્યરીતી અધિનિયમ કલમ ૩૦૦(૧) અને (૫) નો બાધ આવશે નહિ. વધુમાં આ કલમથી અદાલતને પ્રોસીડીંગ રીવાઈવ કરવાની પણ સત્તા આપવામાં આવેલ છે.

**૪.** કેસનું રેકર્ડ ઘ્યાને લેતાં આરોપી વિરૂઘ્ધ મુંબઈ પોલીસ અધિનિયમ હેઠળ કાયદો અને વ્યવસ્થા જાળવવા બાબતે જે નિયમો તથા હુકમો કરવામાં આવેલ હોય તેના ભંગ બદલ કાયદો અને વ્યવસ્થા જાળવનાર એજન્સીને આરોપીને નિયમોના ભંગ બદલ અટકાયતી પગલાં લેવાની સત્તા છે પરંતુ આવા નિયમોના ભંગ બદલ જે કંઈ ગુનો બને તેની ફરીયાદ અને આગળની કાર્યવાહી કરવા બાબતે ક્રિ.પ્રો.કોડની કલમ ૧૫૫(૨) મુજબ કોર્ટની પરવાનગી વગર આગળની કાર્યવાહી કરી શકાય નહી. તે સંજોગોમાં ક્રિ.પ્રો.કોડની કલમ ૨૫૮ તથા ૧૫૫(૨) ની જોગવાઈ સંયુકત રીતે વંચાણે લેતાં મુંબઈ પોલીસ અધિનિયમ નીચેના ગુનાની કાર્યવાહી કરવા બાબતે ક્રિ.પ્રો.કોડની કલમ ૧૫૫(૨) નો બાધ નડતો હોય આવા કેસોની કાર્યવાહી આગળ ચલાવવા વ્યાજબી કારણો જણાતા નથી.

**૫.** આમ, ઉપરોકત કાયદાકીય જોગવાઈ તેમજ વર્તમાન આરોપી સામેનું સમગ્ર ચાર્જશીટ ધ્યાનમાં લેતાં સમન્સ ટ્રાયેબલ ગુનાનો આક્ષેપ છે. હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી, ફરિયાદ કલમ–૨(ઘ) પરથી શરૂ થયેલ નથી. રેકર્ડ જોતાં આરોપીને પ્રોસેસ કરવા છતાં બજે કે વગર બજે પરત આવેલ નથી. વળી, રેકર્ડ પરની હકીકત ધ્યાને લેતાં, આરોપી નજીકના ભવિષ્યમાં મળી આવે, તેવી શકયતા જણાતી ના હોઈ તે જોતાં હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી કાયદા મુજબ આગળ ચલાવવી ન્યાયના હિતમાં ઉચિત જણાતી ન હોઈ, નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## ''**હુ ક મ**''

હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૨૫૮ હેઠળ બંધ કરી, આરોપીને બિન–તહોમત છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

આ કામે કબજે કરેલ મુદ્દામાલ અંગે અગાઉ કરેલ વચગાળાનો હુકમ કાયમ કરવામાં આવે છે, અન્યથા કબજે કરેલ મુદ્દામાલ અનુસંધાને ક્રિમીનલ મેન્યુઅલ મુજબ કાર્યવાહી કરવી.

વધુમાં એવો હુકમ કરવામાં આવે છે કે, આરોપી જયારે મળી આવે ત્યારે તેઓ સામે ફરીયાદપક્ષ ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૩૦૦(૫) મુજબની જરૂરી કાર્યવાહી હાથ ધરી શકશે.

હુકમ આજરોજ તારીખ ૧૧ માહે ફેબ્રુઆરી સને ૨૦૨૩ ના દિને સ્પેશ્યલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ ૧૧–૦૨–૨૦૨૩.
અમદાવાદ.

**( જે. બી. પરીખ )**
ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
અમદાવાદ.
Code No.**GJ00414**